THE M. S. UNIVERSITY OF BARODA LIBRARY 5461

પ્ર ક ર ણ - (૩)

નાટ્યશાસ્ત્રની મુદ્રિત આવૃત્તિઓ અને હાથપ્રતો

વિદેશી આવૃત્તિઓ

સન ૧૭૮૯ માં શ્રી વિલિયમ જોન્સે કાલિદાસના નાટક 'અભિજ્ઞાન શાકુંતલ' નો સર્વ પ્રથમ અંગ્રેજી અનુવાદ 'Shakuntala and Fatal Ring' શિર્ષકથી પ્રગટ કર્યાં ત્યારથી વિદ્વાનોએ ભારતીય રંગમંચના ઉદ્ભવ અને સ્વરુપ અંગે રસ લેવો શરુ કર્યો

સન ૧૮૨૬ માં શ્રી એચ. એચ. વિલ્સને તેમના પ્રસિધ્ધ ગ્રંથ 'Select Specimens of the Theatre of the Hindus' નો પહેલો ભાગ પ્રગટ કર્યો. તેના આમુખમાં તેમણે સ્વીકાર કર્યો કે અનેક સંસ્કૃત નાટકો તથા નાટ્યશાસ્ત્રીય ગ્રંથોમાં ભરતમુનિ રચિત નાટ્યવિદ્યાના જે સુત્રગ્રંથનો ઉલ્લેખ મળી આવે છે તે ગ્રંથ નાટ્યશાસ્ત્ર સર્વથા લુપ્ત થઇ ગયો છે. તેમના આ નિરાશાજનક ઉદ્ગારો પછી પણ આ ગ્રંથના સંશોધનનું કાર્ય આગળ ધપતું રહ્યું.

ફિટ્ઝ એડવર્ડ હોલ દ્વારા
(Fitz Edward Hall)

દશરુપકનું સંપાદન અને તેના પરિશિષ્ટમાં ના.શા.ના અ ધ્યા યો

સુપ્રસિધ્ધ અમેરિકન વિદ્વાન શ્રી ફિટ્ઝ એડવર્ડ હોલે ૧૮૬૫ માં સર્વ પ્રથમ નાટ્યશાસ્ત્રની ક્ષતિઓ ભરેલી વાચના શોધી કાઢી અને તેના આધારે નાટ્યશાસ્ત્રના ૧૮ થી ૩૪ અધ્યાયો તેમના દ્વારા સંપાદિત દશરુપકના પરિશિષ્ટમાં પ્રગટ કર્યા. આમ સર્વ પ્રથમ ૧૮૬૫ માં નાટ્યશાસ્ત્રનું આંશિક પ્રકાશન થયું. શ્રી હોલની ઇચ્છા સંપુર્ણ નાટ્યશાસ્ત્ર

પ્રગટ કરવાની હતી પણ એકથી વધારે હાથપ્રતો ઉપલબ્ધ ન હોવાથી તેમજ તેમની પાસે જે હાથપ્રત હતી તે અશુધ્ધ અને ખંડિત હોવાથી તેમને વિચાર પડતો મૂકવો પડયો.

હેમાન Heymann નો નિબંધ :

પ્રસિધ્ધ જર્મ વિદ્વાન હેમાનને પણ નાટ્યશાસ્ત્રની એક હાથપ્રત મળી આવી. તેના આધારે તેમણે ભારતીય નાટ્યશાસ્ત્ર પર એક પરિચયાત્મક નિબંધ સન ૧૮૭૪ માં જર્મનની એક નગર ગોટિંગન Goetingen ની વિદ્યાન પરિષદની પત્રિકામાં પ્રગટ કર્યો. આ નિબંધ દ્વારા નાટ્યશાસ્ત્રના અધ્યયન સંશોધન પરત્વે વિદ્વાનોનું ધ્યાન આકર્ષાયું.

પોલ રેનો અને જોની ગ્રોસે દ્વારા પ્રકાશિત આવૃત્તિ :

પ્રસિધ્ધ ફ્રેન્ચ વિદ્વાન પોલ રેનો Paul Regnaud એ સન ૧૮૮૦ માં નાટ્યશાસ્ત્રનો ૧૭ મો અધ્યાય અને સન ૧૮૮૪ માં ૧૫ મો અધ્યાય (આંશિક) અને ૧૬ મો અધ્યાય પ્રગટ કર્યો. એજ વર્ષમાં તેમણે અધ્યાય ૬ અને ૭ પણ પ્રગટ કર્યા. આમ તેમના દ્વારા ૧૮૮૦ થી ૧૮૮૪ ના ગાળામાં ક્રમશ: છંદ, અને ભાવ વિષયક અધ્યાયો પ્રગટ થયા.

એક અન્ય ફ્રેન્ચ વિદ્વાન અને રેનોના શિષ્ય એવા શ્રી જોની ગ્રોસે Jonny Grosset એ સન ૧૮૮૮ માં સંગીત વિષયક ૨૮ મો અધ્યાય પ્રગટ કર્યો. તે પછી બરાબર દસ વર્ષે સન ૧૮૯૮ માં શ્રી રેનૌએ ૧ થી ૧૪ સુધીના અધ્યાય સાથેની નાટ્યશાસ્ત્રની સંપાદિત આવૃત્તિ પ્રગટ કરી.

સિલ્વેં લેવીનો નિબંધ :

ત્રીજા ફ્રેન્ચ વિદ્વાન શ્રી સિલ્વેં લેવી Sylvain Levi એ ૧૮૯૦ માં

નિઆગ્ર ઇન્ડિયન Theatre Indian નામના નિબંધમાં ના.શા.ના. ૧૮ થી ૨૪ માં અધ્યાયોના આધારે નાટ્યશાસ્ત્રની વિવેચના કરી, જે વર્ષો સુધી પ્રાચીન હિન્દુ નાટ્યકળાના સંદર્ભમાં થતી પાશ્ચાત્ય વિચારણાનો પાયો બની રહી.

આમ લગભગ ૬૫ વર્ષ સુધી વિદેશી વિદ્વાનો દ્વારા નાટ્યશાસ્ત્ર પર સંશોધન પ્રકાશન કાર્ય ચાલતું રહ્યું.

<u>ભારતીય આવૃત્તિઓ</u> :

ભારતમાં સર્વ પ્રથમ ૧૮૯૪ ની સાલમાં કાવ્યમાલા સિરીઝ હેઠળ નિર્ણય સાગર પ્રેસ, મુંબઇથી સંપૂર્ણ નાટ્યશાસ્ત્ર પ્રગટ થયું તેનુ સંપાદન પં. શિવદત્ત તથા કાશીનાથ પાંડુરંગ પરબ દ્વારા થયું અને તેમાં કુલ ૩૭ અધ્યાય હતાં. લગભગ ૫૦ વર્ષ પછી ૧૯૪૩ માં તેની સંશોધિત બીજી આવૃત્તિ પ્રગટ થઇ, જેના સંપાદક હતાં પં. કેદારનાથ.

૧૯૨૯ માં કાશીથી નાટ્યશાસ્ત્રનું નવીન સંસ્કરણ શ્રી બટુકનાથ શાસ્ત્રી તથા બલદેવ ઉપાધ્યાયના સંપાદન હેઠળ ચૌખંભા સંસ્કૃત સીરીઝમાં પ્રગટ થયુ.

વડોદરાથી ગાયકવાડ ઓરિએન્ટલ સિરીઝ હેઠળ અભિનવગુપ્તની અભિનવભારતી નામની ટીકા સહિત નાટ્યશાસ્ત્રના ૧ થી ૩ અધ્યાયો શ્રી રામકૃષ્ણ કવિના સંપાદન હેઠળ ચાર ભાગમાં ક્રમશ: ૧૯૨૬ (અધ્યાય ૧ થી ૭), ૧૯૩૬ (અધ્યાય ૮ થી ૧૮), ૧૯૫૪ (અધ્યાય ૧૯ થી ૨૭), થી અને ૧૯૬૪ (અધ્યાય ૨૮ થી ૩૭) પ્રગટ થયા. પ્રથમ ભાગની દ્વિતીય સંશોધિત આવૃત્તિ શ્રી રામસ્વામી શાસ્ત્રીના સંપાદન હેઠળ ૧૯૫૬ માં પ્રગટ થઇ.

પ્રસિદ્ધ પ્રાચ્ય વિદ્યા વિશારદ મનમોહન ઘોષે, પ્રથમ ૨૭ અધ્યાયોનો અંગ્રેજી અનુવાદ રોયલ એશિયાટિક સોસાયટી કલકત્તાથી ૧૯૫૦ ની સાલમાં પ્રગટ કર્યો. સન ૧૯૫૬ માં નાટ્યશાસ્ત્રનો મૂળ પાઠ સંસ્કૃતમાં પ્રગટ કર્યો. સન ૧૯૬૧ માં ૨૮ માં અધ્યાયથી ૩૬ અધ્યાયોનો અંગ્રેજી અનુવાદ પ્રગટ કર્યો.

<u>ગુજરાતી આવૃત્તિઓ :</u>

ઇ.સ.૧૯૧૧ માં ભાવનગર, પોરબંદર તથા વાંકાનેરના રાજ્યકવિ કવિ નથુરામ સુંદરજી શુકલએ તેઓ પ્રસ્તાવનામાં લખે છે તેમ ભરતનાટ્યશાસ્ત્રનું અક્ષરશ ભાષાન્તર નહીં પણ રસતરંગિણી તથા સાહિત્યદર્પણ વગેરે સંસ્કૃત ગ્રંથોનો આધાર લઇ સ્વતંત્ર લેખની પેઠે નાટ્યશાસ્ત્ર લખ્યું. ઇ.સ.૧૯૫૮ માં વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિ. એ શ્રી કે.કા.શાસ્ત્રી દ્વારા અનુદિત નાટ્યશાસ્ત્રનો સંક્ષિપ્ત સમશ્લોકી અનુવાદ પ્રગટ કર્યો. સન ૧૯૬૭ માં શ્રી ભુપેન્દ્ર બાલકૃષ્ણ ત્રિવેદીએ નાટ્યશાસ્ત્રના ૧ થી ૭ અધ્યાયનો ગુજરાતી અનુવાદ પ્રકાશિત કર્યો. ઇ.સ.૧૯૭૯ માં ડો.તપસ્વી નાન્દીએ નાટ્યશાસ્ત્રના નાટ્યશાસ્ત્રના ૬ઠ્ઠા અધ્યાય - ૧૨સાધ્યાયનો અભિનવભારતી સહિત તથા હર્ષવતીની ટીકા સાથે ગુજરાતી તરજુમો પ્રગટ કર્યો. હજુ સુધી નાટ્યશાસ્ત્રના તમામ અધ્યાયોનો પ્રમાણભુત અનુવાદ પ્રગટ થયો નથી તે ખેદજનક બીના કહી શકાય.

<u>અન્ય પ્રાંતિય ભાષાઓમાં નાટ્યશાસ્ત્રના સંસ્કરણો :</u>

હિન્દીમાં નાટ્યશાસ્ત્રના કેટલાક અનુવાદો બહાર પડયા છે. દિલ્હી વિશ્વવિદ્યાલયની હિન્દી અનુસંધાન પરિષદ દ્વારા આચાર્ય વિશ્વેશ્વર સિધ્ધાંત શિરોમણી સંપાદિત 'હિન્દી અભિનવભારતી' ૧૯૬૦ માં પ્રગટ થયું જેમાં નાટ્યશાસ્ત્રના પ્રથમ, દ્વિતીય તથા ષષ્ઠ અધ્યાયનો અભિનવગુપ્તની ટીકા સહિત અનુવાદ છે. મોતીલાલ બનારસીદાસ કાશી દ્વારા સન ૧૯૬૪ માં ડો. રઘુવંશના સંપાદન હેઠળ નાટ્યશાસ્ત્ર ૧ થી ૭ અધ્યાયનો અનુવાદ પ્રગટ થયો તે પછી ચૌખમ્બા સંસ્કૃત સંસ્થાન વારાણસી દ્વારા નાટ્યશાસ્ત્ર-પ્રદીપ ભાગ ૧ (૧૯૭૨) ભાગ-૨ (૧૯૭૮) ભાગ-૩ (૧૯૮૩) ~~તથા ભાગ-૪ (૧૯૮૫)~~ શ્રી બાબુલાલ શુકલ શાસ્ત્રીના સંપાદન હેઠળ પ્રગટ થયા. મરાઠી ભાષામાં ડો.ભાનુ દ્વારા અનુવાદિત મરાઠી સંસ્કરણ પણ પ્રગટ થયું છે. સન ૧૯૪૦ માં લગભગ 'વસુમતી' બંગાળી માસીક પત્રિકામાં નાટ્યશાસ્ત્રના ત્રણ અધ્યાયો બંગાળી ભાષામાં પ્રગટ થયા. આ ઉપરાંત

દક્ષિણ ભારતીય ભાષાઓમાં પણ નાટ્યશાસ્ત્રના અનુવાદો પ્રકાશિત થયાં છે.

મુદ્રિત આવૃત્તિઓમાં પાઠભેદ :

નાટ્યશાસ્ત્રની અત્યાર સુધી પ્રગટ થયેલી-પૂર્ણ તેમજ આંશિક-મુદ્રિત આવૃત્તિઓ સરખાવી જોવાથી પ્રત્યેક મુદ્રિત આવૃત્તિનો પાઠ ભિન્ન જોવા મળે છે. મુદ્રિત આવૃત્તિઓમાં કાવ્યમાળા સંસ્કરણ અને ગાયકવાડ ઓરિએન્ટલ સિરીઝ એક બીજાની નજીક છે તો બીજી બાજુ કાશી સંસ્કરણ તથા મનમોહન ઘોષનું સંસ્કરણ એક બીજાની નિકટ છે. આચાર્ય વિશ્વેશ્વર, ડૉ. રઘુવંશના સંસ્કરણ ગા.ઓ.સી. ને અનુસરે છે. તો બાબુલાલ શુક્લ શાસ્ત્રીની આવૃત્તિ નિર્ણયસાગર તથા ચૌખમ્બાના સંસ્કરણને અનુવર્તે છે. આ પાઠ-ભેદોના મૂળમાં, વિવિધ આવૃત્તિઓ વિભિન્ન હાથપ્રતોને આધારે પ્રગટ થઇ એ કારણ સ્પષ્ટપણે આગળ તરી આવે છે. આ પાઠ ભેદ કેવળ કેટલાક શ્લોકોમાંજ નહિ પણ વિવિધ અધ્યાયોની આનુપૂર્વીમાં તેમજ તેમના પ્રતિપાદ્ય વિષયોમાં પણ જોવા મળે છે.[1]

પાંચમાં અધ્યાયમાં પાઠભેદ :

પાંચમાં અધ્યાયના અંતમાં લગભગ ૪૦ શ્લોક કાવ્યમાલા (દ્વિતીય સંસ્કરણ) તથા ગાયકવાડ ઓરિએન્ટલ સિરીઝની આવૃત્તિઓમાં પ્રક્ષિપ્ત રૂપે છે. કાવ્યમાળાની પ્રથમ આવૃત્તિમાં આ શ્લોક હતાજ નહીં. મનમોહન ઘોષ દ્વારા અનુવાદિત આવૃત્તિમાં આ ૪૦ શ્લોકને પ્રક્ષિપ્ત માની છોડી દેવામાં આવ્યા છે. આ અંશ પર અભિનવગુપ્તની ટીકા પણ ઉપલબ્ધ નથી. શ્રી રામસ્વામી શાસ્ત્રી, અભિનવગુપ્તે આ અંશને કોહલ વિગેરે દ્વારા રચિત પ્રક્ષિપ્ત અંશ માની તેના પર ટીકા ન લખી હોવાનું અનુમાન કરે છે.[2]

છઠ્ઠા અધ્યાયમાં પાઠભેદ :

નાટ્યશાસ્ત્રનો છઠ્ઠો અધ્યાય કે જે 'રસાધ્યાય' તરીકે ઓળખાય છે તેમાં રસવિવેચનના સંદર્ભમાં 'અષ્ટૌ નાટ્યે રસાઃ સ્મૃતા' (૬/૧૫) અનુસાર રસની સંખ્યા આઠ છે પણ પાઠભેદ અનુસાર નવ રસોનો ઉલ્લેખ મળે છે એટલુંજ નહીં છઠ્ઠા અધ્યાયના

અંતમાં શાન્તરસના પોષક ગદ્યાંશો તથા પદ્ય શ્લોક પણ છે જેના પર અભિનવગુપ્તની ટીકા પણ છે (અ.ભા. ભાગ-૧ પૃ.૩ અ). અભિનવગુપ્તે એ ટીકામાં શાન્તરસનું સમર્થન શાસ્ત્રીય પ્રમાણો દ્વારા કર્યું છે. અભિનવગુપ્તની પૂર્વે શાન્ત રસને ૯માં રસ તરીકે સ્વીકારવાની પરંપરા હતી તેનું સૂચન અભિનવભારતીમાં મળી આવે છે. નાટ્યરસની સંખ્યા આઠ હોવાનું સમર્થન કાલિદાસ, દંડી, ધનંજય તથા ધનિક[1] (દશરુપકના ટીકાકાર) કર્યું છે. દશરુપક (૪/[illegible])ના આધારે ધનંજય પૂર્વે પણ શાન્ત રસ સંબંધી વાદવિવાદ તેમજ નાટ્યશાસ્ત્રના બે ભિન્ન પાઠ પ્રચલિત હોવાનું શ્રી સુરેન્દ્રનાથ દીક્ષિત જણાવે છે.[3]

એક અધ્યાયનું બે ભાગમાં વિભાજન :

નાટ્યશાસ્ત્રની કાવ્યમાળા આવૃત્તિમાં ૯માં અધ્યાયમાં ૨૬૭ શ્લોક છે પણ કાશી આવૃત્તિમાં આ શ્લોક ૯માં અને ૧૦માં અધ્યાયમાં વહેંચાયેલા છે.

છંદ તથા વૃત્ત વિધાન :

કાવ્યમાળા તથા ગાયકવાડ ઑરિએન્ટલ સીરીઝની આવૃત્તિઓમાં છંદ તથા વૃત્તવિધાન ૧૪ માં તથા ૧૫ માં અધ્યાયમાં છે જ્યારે કાશી આવૃત્તિમાં તે ૧૫મા અને ૧૬માં અધ્યાયમાં છે. ગા.ઓ.સીકઆવૃત્તિનો પાઠ આ બંને આવૃત્તિઓ કરતાં જુદો છે. અભિનવગુપ્તે પણ અભિનવભારતીમાં આ પાઠભેદ અસંદિગ્ધપણે સ્વીકાર કર્યો છે. (અભિ.ભા.ભાગ ૨ પૃ.૨૫૨-૩) ઘણી વાચનાઓમાં છંદનું લક્ષણ- ગણ પદ્ધતિથી તો કોઇ કોઇ વાચનાઓમાં ગુરુ લઘુની પ્રાચીન પદ્ધતિથી આપવામાં આવ્યું છે. કેટલીક આવૃત્તિઓમાં છંદના લક્ષણ ઉપજાતિવૃત્તમાં ગણ પ્રણાલી તથા ઉપજાતિવૃત્તમાં આપવામાં આવ્યાં હોય તે આવૃત્તિઓ અનુગામી તથા જેમાં ગુરુ-લઘુ પ્રણાલી તથા અનુષ્ટુપ છંદોમાં છંદોના લક્ષણ આપવામાં આવ્યા હોય તે આવૃત્તિઓ પુરોગામી છે. આ દૃષ્ટિએ અભિનવભારતી આવૃત્તિ અનુગામી સિદ્ધ થાય છે.

લક્ષણોનો પાઠ :

લક્ષણોનો પાઠ પણ નાટ્યશાસ્ત્રની વિવિધ આવૃત્તિઓમાં વિભિન્ન અધ્યાયોમાં છે.- કાવ્યમાળા તથા ગા.ઓ.સી.માં તે ૧૬માં અધ્યાયમાં અને કાશી આવૃત્તિમાં ૧૭માં અધ્યાયમાં. ગા.ઓ.સીમાં ૩૬ લક્ષણ ૪૩ છંદોમાં વર્ણિત છે. કાવ્યમાળા તથા કાશીની આવૃત્તિઓમાં આ લક્ષણો અનુષ્ટુપ છંદોમાં રજુ કરવામાં આવ્યા છે. લક્ષણના નામો પણ એક સરખા નથી. કેવળ ૧૭ નામોમાં સામ્ય છે. અભિનવગુપ્તના સમયમાંજ લક્ષણોની સંખ્યા સંબંધી ભિન્ન પાઠ પ્રચલિત હતાં (અ.ભા. ભાગ ૨ પૃ.૨૯૮) દશરુપક તથા તેના ટીકાકાર ધનિક તેમજ'અભિજ્ઞાન શાકુંતલ'ના ટીકાકાર રાઘવભટ્ટે ઉપજાતી છંદવાળા પાઠનો ઉપયોગ કર્યો છે જ્યારે વિશ્વનાથ અને શિંગભૂપાલ અનુષ્ટુપ છંદમાં પ્રસ્તુત લક્ષણોનો પાઠ અનુસર્યા છે.[5]

અધ્યાયોની આનુપૂર્વીમાં ભિન્નતા :

કાવ્યમાળા આવૃત્તિનો ૨૪મો અધ્યાય કાશી-આવૃત્તિમાં ૩૪માં અધ્યાયમાં વિભાજિત છે. દશરુપક નિરુપણ કાવ્યમાળા અને ગાયકવાડ ઓ.સી.ના ૧૮ માં અધ્યાયમાં છે પણ કાશી આવૃત્તિમાં ૨૦માં અધ્યાયમાં છે. કાશી આવૃત્તિનો ૩૬મો અધ્યાય કાવ્યમાળા આવૃત્તિમાં ૩૬ અને ૩૭ અધ્યાયોમાં વિભાજિત છે. બંનેનો વિષય સરખો છે છતાં કાશી આવૃત્તિમાં તે અધ્યાયનું નામ નાટ્યવતાર છે જ્યારે કાવ્યમાળાના ૩૬/૩૭ અધ્યાયોનું નામ અનુક્રમે નટશાપ અને 'ગુહ્યવિકલ્પક' છે.

મુદ્રિત આવૃત્તિઓમાં પુનરુક્તિ દોષ :

એકજ આવૃત્તિમાં અનેક શ્લોક એકથી વધારે વાર લખાયેલા મળી આવે છે. મનમોહન ઘોષની આવૃત્તિમાં પ્રથમ અધ્યાયના શ્લોક ૧૧૬, ૧૨૦ તથા ૧૨૧ તેજ આવૃત્તિના ૨૧માં અધ્યાયમાં ક્રમશ: ૧૧૮, ૧૨૦ તથા ૧૧૯ રુપે ફરી લખાયા છે.

મુદ્રિત આવૃત્તિઓમાં વિસંગતિઓ :

મનમોહન ઘોષની આવૃત્તિમાં અધ્યાય ૨૨ માં વૃત્તિઓની ઉત્પત્તિ વેદમાંથી બતાવવામાં આવી છે તો સાથે સાથે એક કથા આપી તેની ઉત્પત્તિ અન્ય પ્રકારે પણ બતાવવામાં આવી છે. તેજ પ્રમાણે ચિત્રાભિનય વર્ણનના પ્રારંભમાં ચિત્રાભિનય અંતર્ગત આંગિક અભિનયથી સંબંધિત બાબતોની ચર્ચા કરવાનો ઉપક્રમ બતાવવામાં આવ્યો છે પણ પછી બધાજ પ્રકારનાં - આંગિક, વાચિક આહાર્ય અને સાત્વિક-અભિનય સંબંધી બાબતો જણાવવામાં આવી છે. (અધ્યાય ૨૬). આમ મુદ્રિત આવૃત્તિઓમાં પણ કેટલીક વિસંગતિઓ જોવા મળે છે.

નાટ્યશાસ્ત્રની બે પાઠ પરંપરા

અભિનવગુપ્તની ટીકા - અભિનવભારતીમાં 'દ્વિવિધ પાઠ:દૃશ્યતે' (અધ્યાય ૧૫) એવું વિધાન દસમી સદીમાં નાટ્યશાસ્ત્રની બે પાઠ પરંપરા પ્રચારમાં હોવાનો સંકેત કરે છે. આમાંની એક પાઠ પરંપરા ૯ રસ - શાંતરસ સાથે - જ્યારે બીજો પાઠ પરંપરા ૮ રસ સાથે સંબંધિત હતી. ધનંજયે, દશરુપકના કર્તા આઠ રસવાળી પાંઠ પરંપરા સ્વીકારી છે.

શ્રી રામકૃષ્ણ સ્વામીએ, અભિનવભારતી સાથેના નાટ્યશાસ્ત્રની પ્રસ્તાવનામાં બે પાઠ પરંપરાની ચર્ચા ખુબ ઉંડાણપૂર્વક કરી છે. તેમણે ૪૦ જેટલી હાથપ્રતો તપાસી હતી અને કોઇપણ બે હાથપ્રતના પાઠ મળતાં આવતા જણાયા નહોતા. એટલે તેમણે બે પાઠ પરંપરા પ્રચારમાં હોવાનું અનુમાન કરી એકને 'અ' સંજ્ઞા અને બીજાને 'બ' સંજ્ઞા આપી તેમના મતે 'અ' સંજ્ઞાવાળો પાઠ પરંપરા પાછળથી પ્રચારમાં આવેલી અને પ્રમાણમાં ટૂંકી છે જ્યારે 'બ' સંજ્ઞાવાળો પાઠ પરંપરા લાંબી અને જુના સમયની છે. અભિનવગુપ્ત અને તેમના પૂર્વાચાર્યો ભટ્ટ તોત, ઉત્પલાદેવ અને ભટેન્દુરાજ વિગેરે સ્ફોટવાદીઓએ 'અ' સંજ્ઞાવાળી પાઠ પરંપરાનું અને શંકુક અને તેમના પૂર્વાચાર્યો લોલ્લટ ઉદ્ભટ વિગેરે મીમાંસકો અને નૈયાયિકાઓએ 'બ' સંજ્ઞાવાળી પાઠ પરંપરાનું અનુસરણ કર્યું એવો શ્રી કવિનો મત છે.

તેલુગુ અને તમિળ પ્રાંતોમાંથી મળી આવેલી હાથપ્રતો 'બ' પાઠ પરંપરાને તથા ઉજ્જૈન અને આલ્મોરા અને બિકાનેરના મહારાજાની લાયબ્રેરીમાંથી મળી આવેલી હાથપ્રતો 'અ' પાઠપરંપરાને અનુસરતી હોવાથી શ્રી કવિ, 'બ' સંજ્ઞાવાળી લાંબી વાચનાને 'ઉત્તરીય' અને 'અ' સંજ્ઞાવાળી ટૂંકી વાચનાને 'દક્ષિણીય' પાઠપરંપરા તરીકે ઓળખાવે છે. કાવ્યમાળાની ૧લી આવૃત્તિ અને અભિનવભારતી સાથેની આવૃત્તિ 'અ' સંજ્ઞાવાળી પાઠપરંપરાને અનુસરે છે જ્યારે કાશીની આવૃત્તિ અને એફ. હોલ અને અન્ય વિદેશી વિદ્વાનો દ્વારા પ્રકાશિત આવૃત્તિઓ 'બ' સંજ્ઞાવાળી પાઠપરંપરા અનુસરે છે.

પિશલ, લાંબી પાઠપરંપરાને મૂળ ના.શા.ની વધુ નજીક હોવાનું જણાવે છે. મેકડોનલ પણ લાંબી પાઠપરંપરાને પ્રાચીન માને છે. શ્રી લક્ષ્મણ સ્વરુપ ટૂંકી પાઠપરંપરાને પ્રાચીન ગણે છે.[6]

શ્રી મનમોહન ઘોષ, ઉમેરણ અને સંવર્ધન ક્રિયા પછીથી થાય છે એ હકીકતના આધારે ટૂંકી પાઠપરંપરા એ પ્રમાણમાં જૂની અને લાંબી પાઠપરંપરા એ પ્રમાણમાં નવી હોવાનું જણાવી નાટ્યશાસ્ત્રની બે પાઠપરંપરા હોવાનું સ્વીકારે છે.[7]

શ્રી રામસ્વામી શાસ્ત્રી, નાટ્યશાસ્ત્રની બે પાઠપરંપરા હોવાનો વિરોધ કરે છે. તેમના મતે ના.શા.માં મળી આવતાં પાઠભેદો બે પાઠપરંપરાને કારણે નહિ પણ કેટલાક ટીકાકારોએ પોતાની અર્થઘટન પદ્ધતિને અનુકુળ કરવા માટે પાઠમાં ફેરફાર કર્યા હોય અને લિપિકારોએ નાટ્યશાસ્ત્રમાં પ્રમાણમાં પાછળથી લખાયેલા અંશોની સેળભેળ કરી દીધી હોય તેને કારણે ઉદ્ભવ્યા હોવાનું જણાવે છે.

શ્રી જી.કે.ભટ (૧) નાટ્યવેદ અને ગાંધર્વવેદ સમાનાર્થી હોવાની પરંપરાગત માન્યતા (૨) મૂળ કારિકા, સૂત્રકાર, આદિભરત, વૃદ્ધભરત, નંદીભરત, એવા પછીના ટીકાકારોએ કરેલા ઉલ્લેખો અને (૩) અભિનવગુપ્તનો બે પાઠપરંપરા હોવાનો અભિપ્રાય - આટલા પ્રમાણોને આધારે નાટ્યશાસ્ત્રની બે પરંપરાઓનો સ્વીકાર કરે છે.[9]

નાટ્યશાસ્ત્રની વિવિધ હાથપ્રતો

(અ)
હાથપ્રતોનું રામકૃષ્ણ કવિ દ્વારા વર્ગીકરણ :

નાટ્યશાસ્ત્રની મૂળ હાથપ્રતો દક્ષિણ અને ઉત્તર ભારતમાંથી મળી આવી. અભિનવભારતીના સંપાદક શ્રી રામકૃષ્ણ કવિએ[10] આ હાથપ્રતોને તેમના પાઠભેદોના સામ્ય અને વૈષમ્યના આધારે અ અને બ એમ બે વિભાગોમાં વહેંચી. તેલુગુ, તમિળ, કન્નડ તથા મલયાલમ જિલ્લાઓમાંથી મળી આવેલી હાથપ્રતોને તેમણે બ સંજ્ઞા આપી જ્યારે ઉજ્જૈન તથા બીકાનેરથી મળી આવેલી હાથપ્રતોને અ સંજ્ઞા આપી. તેમના મત પ્રમાણે કાશીની મુદ્રિત આવૃત્તિ દક્ષિણ ભારતીય બ સંજ્ઞાવાળી હાથપ્રતોને અનુસરે છે જ્યારે કાવ્યમાળાની મુદ્રિત આવૃત્તિ અ સંજ્ઞાવાળી ઉત્તર ભારતીય હાથપ્રતોને અનુસરે છે. દશરુપકકાર ધનંજયે 'અ' વર્ગની હાથપ્રતોનું અને ભોજે 'બ' વર્ગની હાથપ્રતોનું અનુસરણ કર્યું. આ બંને હાથપ્રતોમાંથી પ્રાચીન કઈ તે વિશે વિદ્વાનોમાં મતભેદ છે.

(બ)
હાથપ્રતોનું શ્રી રામસ્વામી શાસ્ત્રી દ્વારા વર્ગીકરણ :

અભિનવભારતી પ્રથમ ભાગની બીજી આવૃત્તિના સંપાદક શ્રી રામસ્વામી શાસ્ત્રી[11] ચાર જુદા જુદા સંકેત - સંજ્ઞાઓ વડે હાથપ્રતોનું વર્ગીકરણ કરે છે, ઉત્તર ભારતીય કે દક્ષિણ ભારતીય એવા ભૌગોલિક ભેદના આધારે નહીં.

'અ' સંજ્ઞાવાળી હાથપ્રતો :

1) નાટ્યશાસ્ત્રની મૂળ હાથપ્રત જે હિમાલયના વિસ્તારમાં આવેલા અલ્મોડા ખાતેથી મળી આવી છે.

2) વડોદરાના પ્રાચ્યવિદ્યામંદિરના હાથપ્રત સંગ્રહાલયમાં M.S. No 14044 તરીકે સુરક્ષિત છે.

3) હાથપ્રત ખંડિત અવસ્થામાં છે.

૪) કુલ ૨૩ અધ્યાય છે.

૫) પ્રત ૫૦૦ વર્ષ જેટલી જુની હોવાનું સંપાદકનું અનુમાન છે.

૬) કુલ પાન ૧૦૫ જેમાંના કેટલાક પાન લુપ્ત છે.

૭) અત્યંત જીર્ણ અવસ્થામાં છે.

૮) પાઠ સુંદર અને સુવાચ્ય છે.

૯) અભિનવભારતીની બીજી આવૃત્તિમાં અ સંજ્ઞાથી ચિહ્નિત થઇ છે.

'અ' સંજ્ઞાવાળી હાથપ્રત :

૧) આ હાથપ્રત ઉજ્જૈન ખાતેથી મળી આવી છે.

૨) વડોદરા પ્રાચ્યવિદ્યામંદિરના હાથપ્રત સંગ્રહાલયમાં MS No 4629 તરીકે સુરક્ષિત છે.

૩) ૩૦૦ વર્ષ જુની હોવાનું સંપાદકનું અનુમાન છે.

૪) ઉત્તર ભારતમાંથી મળી આવી હોવા છતાં, અલ્મોડાથી મળેલી 'અ' સંજ્ઞાવાળી હાથપ્રત કરતાં ભિન્ન છે.

૫) અન્ય હાથપ્રતોમાં અપ્રાપ્ય એવા શ્લોક આ હાથપ્રતમાં મળી આવે છે.

૬) કાવ્યમાળાની મુદ્રિત આવૃત્તિ માટે પ્રયોજાયેલી 'ક' સંજ્ઞાવાળી હાથપ્રતને મળતી આવે છે.

૭) અભિનવભારતીની પ્રથમ આવૃત્તિમાં આ હાથપ્રતનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

'મ' સંજ્ઞાવાળી હાથપ્રત :

૧) તાલપત્ર પર અંકિત મૂળ હાથપ્રતની નકલ છે.

૨) આ નકલ મદ્રાસ સરકારની પ્રાચ્ય હાથપ્રત સંગ્રહાલયમાં સંગ્રહાયેલી અન્ય હાથપ્રતોની સહાયતાથી તૈયાર કરવામાં આવી છે.

૩) વડોદરાના પ્રાચ્યવિદ્યામંદિર હાથપ્રત સંગ્રહાલયમાં MS NO 14041 તરીકે સુરક્ષિત છે.

૪) આ હાથપ્રત દક્ષિણ તેમજ ઉત્તર ભારતમાંથી મળી આવેલી હાથપ્રતા કરતાં ભિન્ન છે.

૫) એક માત્ર હાથપ્રત કે જેમાં પાંચમાં અધ્યાયના અંતમાં ૪૦ શ્લોક મૂળ ગ્રંથના એક ભાગરૂપે આપવામાં આવ્યા છે.

૬) કુલ ૩૬ અધ્યાય છે.

૭) સરસ્વતી ભવન (વારાણસી) પુસ્તકાલયમાં તેની નકલ સુરક્ષિત છે.

'ત' સંજ્ઞાવાળી હાથપ્રત :

૧) તેની મૂળ હાથપ્રત ત્રાવણકોર મહારાજાના પુસ્તકાલયમાં સંગ્રહાયેલી છે.

૨) તેની નકલ આ પુસ્તકાલયમાં સંગ્રહાયેલી અન્ય હાથપ્રતોને આધારે તૈયાર કરવામાં આવી છે.

૩) વડોદરાના પ્રાચ્યવિદ્યામંદિર હાથપ્રત સંગ્રહાલયમાં MS NO 14042 તરીકે સુરક્ષિત છે.

૪) એક માત્ર હાથપ્રત છે કે જેમાં છઠ્ઠા અધ્યાયના અંતમાં શાંતરસ વિશેનો વધારાનો અંશ મૂળરૂપે સંગ્રહિત થયેલો છે.

૫) કાવ્યમાળા તથા અભિનવભારતીની મુદ્રિત આવૃત્તિઓ આ હાથપ્રતને અનુસરી હતી.

૬) કુલ ૩૨ અધ્યાય છે.

૭) મલયાલમ લિપિમાં અને અત્યંત જીર્ણાવસ્થામાં છે.

- -

૧ ભરત ઓર ભારતીય નાટ્યકલા - સુરેન્દ્રનાથ દીક્ષિત પૃ.૧૮

૨ અભિ.ભા.ભાગ ૧પૃ.૨૫૧ (બી.આ.).

૩ ભરત ઔર ભારતીય નાટ્યકલા પૃ.૨૦

૪ ના.શા.નો અંગ્રેજી અનુવાદ.

૫ સુરેન્દ્રનાથ દીક્ષિત ભરત ઔર ભા.ના.કલા પૃ.૨૧

૬. ના.શા.ના અંગ્રેજી અનુવાદની પ્રસ્તાવના.

૭ એજન.

૮ ના.શા.ની બીજી સંશોધિત આવૃત્તિની પ્રસ્તાવના (ગા.ઓ.સી.).

૯ ભરતનાટ્યમંજરી પૃ. II/III.

૧૦ અભિનવભારતી સાથેના ના.શા.ની પ્રસ્તાવના પ્રથમ આવૃત્તિ.

૧૧ અભિ.ભા.સાથેના ના.શા.પ્રથમ ભાગની પ્રસ્તાવના બીજી આવૃત્તિ.